પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકનો આજથી પ્રારંભ

પ્રથમ દિવસે આઠ જિલ્લાની ૨૯ બેઠકો માટે સંભવીત ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૨૯

ગુજરાત વિધાનસભાની ૧૮૨ બેઠકો માટેના ઉમેદવારોની પસંદગી માટે આવતીકાલથી પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની મેરેથોન બેઠકનો પ્રારંભ થશે. સતત પાંચ દિવસ સુધી આ બેઠક ચાલશે.

પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુની અધ્યક્ષતામાં અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં આવતીકાલથી શરૂ થનારી પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં દક્ષિણ ગુજરાતના આઠ જિલ્લાઓની ૨૯ બેઠકો માટેના ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે.

આવતીકાલે સવારે ૧૦ કલાકથી શરૂ થનારી પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં સવારે ભરૂચ, નર્મદા અને નવસારી જિલ્લાની બેઠકોના ઉમેદવારોની પસંદગી માટે જિલ્લા નિરીક્ષકો, જિલ્લા પ્રમુખો, સાંસદો સહિતના આગેવાનો સાથે પરામર્શ કરીને અભિપ્રાય મેળવવામાં આવશે અને ત્યારબાદ સંભવિત ઉમેદવારોના નામોની પેનલ યાદી તૈયાર કરવામાં આવશે.

બપોર બાદ મળનારી બીજી સેશનમાં ડાંગ, વલસાડ, તાપી, સુરેન્દ્રનગર અને અમદાવાદ જિલ્લાની બેઠકો માટે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આમ પ્રથમ દિવસે આઠ જિલ્લાની ૨૯ બેઠકો માટેના ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે.

૩૧મીના રોજ સુરત જિલ્લા શહેર, પોરબંદર, અમરેલી, જામનગર જિલ્લો, જામનગર શહેર એમ કુલ ૬ જિલ્લાની ૩૦ બેઠકો માટે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરાશે. જ્યારે ૧લી નવેમ્બરના રોજ ભાવનગર શહેર-જિલ્લો, જુનાગઢ-શહેર-જિલ્લો, રાજકોટ-શહેર-જિલ્લો અને પાટણ એમ સાત જિલ્લાની ૩૩ બેઠકો માટે પ્રક્રિયા હાથ ધરાશે.

અમદાવાદની ૧૬ બેઠકો માટેના ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા છેલ્લા દિવસે એટલે કે ૪થી નવેમ્બરના રોજ હાથ ધરવામાં આવનાર છે.

પાંચ દિવસ સુધી સતત ચાલનારી પાર્લામેન્ટરી બોર્ડની મેરેથોન બેઠકમાં ૨૫ જિલ્લાની ૧૮૨ વિધાનસભા બેઠકો માટેના ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા પૂર્ણ કરીને ઉમેદવારોની આખરી પેનલ યાદી તૈયાર કરવામાં આવનાર છે.

ત્યારબાદ આ પેનલ યાદીઓ ભાજપ મોવડીમંડળની મંજુરી અર્થે મોકલી આપવામાં આવશે અને આખરી ઉમેદવારોની પસંદગી યાદી તૈયાર કરીને દિવાળીના તહેવારો બાદ જાહેર કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

તુલસી એન્કાઉન્ટર કેસની મુદતના અનુસંધાનમાં મેટ્રો કોર્ટમાં વણજારા ટુકડીને હાજર કરાઈ હતી.

ગાંધીનગર રાજ્યનું સૌથી ઠંડુ શહેર : તાપમાન ૧૪.૮ ડિગ્રી

પ્રતિદિન વધી રહેલી ઠંડીથી શર્દી-ઉધરસ કેસો સતત વધારો નોંધાયો : વહેલી સવારથી ઝડપી ગતિએ પવન ફુંકાતા ઠંડીનો અહેસાસ

અમદાવાદ,તા.૨૯

સમગ્ર રાજ્યમાં ધીમે ધીમે મધરાત્રી બાદ ઠંડીનો ચમકારો વર્તાઈ રહ્યો છે અને પરોઢિયે તો ગુલાબી ઠંડીનો અહેસાસ થાય છે.ત્યારે વહેલી પરોઢે ઠંડીની સાથે સાથે ૧૫ કિ.મી. ઝડપે પવન ફુંકાતા કડકડતી ઠંડીનો અસહેસાસ થઈ રહ્યો છે. જેના કારણએ શરદી અને ઉધરસના કેસમાં નોંધપાત્ર વધારો થયો છે. આજે રાજયમાં સૌથી લઘુત્તમ તાપમાન પાટનગર ગાંધીનગરમાં ૧૪.૮ ડિગ્રી નોંધાયુ હતુ. ગઈકાલે ગાંધીનગરમાં ૧૬.૨ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ. આજે વીવીનગરમાં ૧૬ ડિગ્રી જ્યારે ડિસામાં ૧૬.૫ ડિગ્રી અને અમદાવાદમાં ૧૫.૮ ડિગ્રી તાપમાન નોંધાયુ હતુ જે દર્શાવે છે કે હવે ઠંડીની શરૂઆત થઈ રહી છે. દિવાળી પૂર્વે જ ઠંડી ધીમે ધીમે ડગલા માંડી રહી હોવાનું લાગે છે. આમ બપોરના સમયે સામાન્ય ગરમી અને રાત્રી ગુલાબી ઠંડીને લીધે મિશ્ર ઋતુ રહેતા માંદગીના કિસ્સા વધવા પામ્યા છે. દરમિયાન હવામાન ખાતાની આગાહી પ્રમાણે આગામી ૨૪ કલાકમાં સૂર્યાચ્છાદિત વાતાવરણ રહેશે તથા નીચલા સ્તરે ઉત્તર-પૂર્વ દિશામાંથી મંદ ગતિએ પવન ફુંકાશે જે રાત્રે ઠંડીનો ચમકારો વધારશે.

રાજયના વિવિધ શહેરોમાં રાત્રી થી વહેલી પરોઢ સુધી લઘુતમ તાપમાનનો પારો ૨૦ડિ.સે.ની નીચે સરકી જતા મધરાત બાદથી ગુલાબી ઠંડીનો જોરદાર ચમકારો વર્તાય છે. દવાળી પહેલાં જ આ વર્ષે ઠંડી જામે એવા એંધાણ વર્તાઈ રહ્યા છે તેથી લોકોએ પોટલા બાંધીને મુકી દીધેલ ગરમ વસ્ત્ર પેટીઓમાંથી કાઢી તડકામાં મુકી દીધા છે. આમ હવે ધીમે ધીમે ઠંડી જામે એવું લાગી રહ્યું છે. રાત્રીથી માંડીને પરોઢિયા સુધીના સમયમાં ગુલાબી ઠંડી લાગતી હતી. વાતાવરણમાં ધુમ્મસ વધતા તથા પરોઢિયે ભેજનું પ્રમાણ પણ વધતા વાતાવરણમાં ઠંડકનો અહેસાસ થતો હતો.

જ્યોતિ મહિલા મંડળ દ્વારા બેઠા ગરબાનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૯

જ્યોતિ મહિલા મંડળ, ગાંધીનગર દ્વારા શરદપૂનમ નિમિત્તે બેઠા ગરબા સ્પર્ધા અને ગરબા શણગાર સ્પર્ધાનું આયોજન કરેલ. આ બેઠા ગરબા સ્પર્ધામાં પ્રથમ ક્રમે માઈ મંડળ, સે. ૩-સી, બીજા ક્રમે રાજપૂત સમાજ ત્રીજા ક્રમે ફોરમ મંડળ, ચોથા ક્રમે કુમકુમ ગ્રુપ અને પાંચમા ક્રમે રાધા-કૃષ્ણ મંડળ વિજેતા બનેલ. ગરબા શણગાર સ્પર્ધામાં પ્રથમ નર્મદાબેન પટેલ, બીજા ક્રમે નમ્રતાબેન પટેલ, ત્રીજા ક્રમે મીનાબેન શાહ વિજેતા રહેલ. શેરી ગરબામાં પ્રથમ સે. ૩-બી, રમીલાબેન મિસ્ત્રી (ગ્રુપ), બીજા ક્રમે સે. ૭ પોલીસ સ્ટેશન પાછળ, ત્રીજા ક્રમે સે. ૩-સી, કલ્ચરલ સ્કવેર અને ચોથા ક્રમે તેજસ સોસા. પાંચમા ક્રમે સે. ૪-ડી વિજેતા રહેલ.

આ કાર્યક્રમના ઈનામો મીનાબેન ભટ્ટ, મુખ્ય મહેમાન તરીકે રહેલ તેમના વરદ્ હસ્તે આપેલ. અતિથિ વિશેષ તરીકે ઈન્દિરાબેન મહેતા, આશાબેન સરવૈયાએ ઉપસ્થિત રહી બહેનોને પ્રોત્સાહન આપેલ. બેઠા ગરબાના નિર્ણાયક તરીકે જયાબેન ખારોડ, નિર્મળાબેન બક્ષી તેમજ જ્યોત્સનાબેન બુચે સેવાઓ આપેલ. ગરબા શણગાર સ્પર્ધાના નિર્ણાયક તરીકે પૂર્વીબેન વ્યાસ તથા ડો. અપૂર્વા રાવલે સેવાઓ આપેલ. વિવેક ચેરીટેબલ ટ્રસ્ટ આયોજીત શેરી ગરબા સ્પર્ધાના ઈનામો મીનાબેન સોની તરફથી આપવામાં આવેલ. જે સ્પર્ધાના નિર્ણાયક તરીકે રક્ષિતાબેન ઉપાધ્યાય, સુધીરભાઈ દેસાઈ અને મેઘલ એરડાએ સેવાઓ આપેલ.

સમગ્ર કાર્યક્રમની શરૂઆતમાં લતાબેન ચોકસીએ સ્વાગત પ્રવચન કરેલ. મમતાબેન રાવલે મહેમાનોનો પરિચય આપેલ જ્યારે રક્ષિતાબેન ઉપાધ્યાયે સંસ્થાની પ્રવૃત્તિઓ અંગે પ્રકાશ પાડી ભાવિ કાર્યક્રમોની જલક આપેલ. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન આભારવિધિ કુ. ચેતના બુચે કરેલ.

વિદ્યાર્થીનીના શંકાસ્પદ મોત અંગે જિલ્લા શિક્ષણ તંત્રએ રીપોર્ટ માંગ્યો

ચંદ્રાલા સ્થિત શૈક્ષણિક સંસ્થામાં હોસ્ટેલમાં રહેતી બિમાર વિદ્યાર્થીનીનું કરૂણ મોત નિપજયું હતું

ગાંધીનગર, તા.૨૯

ચંદ્રાલા સ્થિત શૈક્ષણિક સંસ્થામાં તાવ સહિતની બિમારીથી પીડીત વિદ્યાર્થીનીના શંકાસ્પદ મૃત્યુ સંદર્ભે જિલ્લા શિક્ષણ કચેરીએ પણ બનાવ અંગેનો રીપોર્ટ મંગાવ્યો છે. ધો-૭માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની બિમારીથી પીડાતી હોવા છતાં હોસ્ટેલના સંચાલકે તેણીને ઘરે જવાની રજા ન આપી હોવાનો કથિત મામલો પ્રકાશમાં આવ્યા બાદ વાલીઆલમમાં પણ આક્રોશની લાગણી વ્યાપી છે.

ચિલોડા નજીક આવેલ ચંદ્રાલા ગામની એક શૈક્ષણિક સંસ્થામાં અભ્યાસ કરતી ઈડરની વિદ્યાર્થીની સંસ્થાની હોસ્ટેલમાં જ રહેતી હતી. ધો-૭માં ભણતી આ વિદ્યાર્થીની થોડા દિવસો પૂર્વે તાવ સહિતની બિમારીમાં સપડાઈ હતી. જયારે બિમારીના દિવસોમાં વિદ્યાર્થીનીએ ઘરે જવા માટે હોસ્ટેલના સંચાલકની રજા માંગી હતી. પરંતુ હોસ્ટેલ કક્ષાએથી વિદ્યાર્થીને ઘરે જવા દેવાની મંજૂરી આપવામાં આવી ન હતી. બીજી તરફ થોડા જ દિવસોમાં બિમારીથી પીડીત વિદ્યાર્થીનીનું શંકાસ્પદ મોત નિપજયું હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. શૈક્ષણિક સંસ્થામાં વિદ્યાર્થીનીના શંકાસ્પદ મોત સંદર્ભે શિક્ષણ તંત્રને જાણ થતા જિલ્લા શિક્ષણ વિભાગે ચંદ્રાલા સ્થિત શિક્ષણ સંસ્થાના સંચાલકો પાસેથી આ મામલે રીપોર્ટ મંગાવ્યો છે. વિદ્યાર્થીનીના મૃત્યુથી અન્ય વિદ્યાર્થી વર્ગ તેમજ વાલીઓમાં આક્રોશ ભભૂકયો છે. આ મામલે કસૂરવાર સામે યોગ્ય તપાસ હાથ ધરી પગલા લેવાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

એસ.જી. ઈંગ્લિશ મિડીયમ સ્કૂલમાં જવાબવહી નિદર્શન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરના સેકટર-૨૩માં આવેલા કડી કેમ્પસની એસ.જી. ઈંગ્લિશ મિડીયમ સ્કૂલમાં આજે સવારે ૭.૩૦ થી ૧૦ વાગ્યા દરમિયાન ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓની પ્રથમ પરીક્ષાના પ્રશ્નપત્રોના જવાબવહીનો નિદર્શન કાર્યક્રમ યોજાયો હતો.

શાળાના કેમ્પસમાં સવારે વર્ગ પ્રમાણે શિક્ષકોએ ઉત્તરવહીઓ વાલીઓ તથા વિદ્યાર્થીઓના નિદર્શન માટે મુકી હતી. ધોરણ ૫, ૬, ૭ અને ૮ના એ, બી, સી, ડી અને ઈ વિભાગમાં વર્ગ શિક્ષકોએ વિષયવાર ઉત્તરવહીઓ ગોઠવી વિદ્યાર્થીઓને બતાવી હતી. ગણિત, વિજ્ઞાન, સોશ્યલ સાયન્સ, ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી વિષયમાં વિદ્યાર્થીઓને ક્યાં માર્ક કપાયા છે? શા માટે કપાયા છે? વિદ્યાર્થીએ વધુ સારો જવાબ લખવા કઈ બાબતને ધ્યાનમાં રાખવી? સ્પેલિંગ મિસ્ટેક, ભાષા શુધ્ધિ, ગાણિતિક પધ્ધતિઓ, વ્યાકરણ વગેરે બાબતોમાં વાલીએ પોતાના પાલ્યની થયેલી ભૂલોને ચકાસી હતી અને વિષય શિક્ષક સાથે ચર્ચા કરી તેને વધુ સારી રીતે વિદ્યાર્થી લખી શકે તેવું માર્ગદર્શન વર્ગ શિક્ષકો તથા વિષય શિક્ષકો દ્વારા આપવામાં આવ્યું હતું.

શાળાના આચાર્યા અંજલિબેન ટેકવાનીએ સમગ્ર વાલીગણ અને વિદ્યાર્થીઓને મૂંઝવતા પ્રશ્નોનું સરળ અને સફળ રીતે માર્ગદર્શન આપી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. વાલીઓએ પણ આ પ્રસંગે ખૂબ જ મોટી સંખ્યામાં હાજરી આપી શિક્ષકો તથા વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

કોંગ્રેસ ભ્રષ્ટાચારની ગંગોત્રી, અન્ય પક્ષો ભ્રષ્ટાચારના ઘાટ

દેશમાં મોંઘવારી, બેરોજગારી અને ગરીબી માટે કોંગ્રેસ જ જવાબદાર : યોગગુરૂ બાબા રામદેવના આકરા પ્રહારો

અમદાવાદ, તા. ૨૯

ભ્રષ્ટાચારની ગંગોત્રી કોંગ્રેસ છે તો અન્ય રાજકીય પક્ષો ભ્રષ્ટાચારના

ઘાટ છે. એમાં શુદ્ધિકરણ થવું જોઈએ. કોંગ્રેસને હટાવવા માટે ગમે તે પાર્ટીને જીતાડો. હું સંન્યાસી ધર્મથી મોટો રાજધર્મને માનું છું એટલે આ કાર્ય કરવા માટે ગુજરાતમાં આવ્યો છું. ગુજરાતમાં ૧૩દિવસ સુધી જુદા જુદા વિસ્તારોમાં યોગ શિક્ષણ સાથે ભ્રષ્ટાચાર અને કાળાનાણાં અંગે લોકોને જાગૃતિનું કામ કરીશ તેમ યોગગુરુ બાબા રામદેવે આજે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું.

ગુજરાતમાં નરેન્દ્ર મોદી તથા ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન ગડકરી સામેના ભ્રષ્ટાચાર અંગેના સીધા સવાલોના ગોળ ગોળ જવાબો આપીને બાબા રામદેવે કોંગ્રેસ સામે જ પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, દેશમાં મોંઘવારી, બેરોજગારી અને ગરીબી માટે કોંગ્રેસ પક્ષ જ જવાબદાર છે. રૂપિયા ૨૦૦માં મળતો ગેસ રૂપિયા ૧૦૦૦માં કેમ વેચાય છે. રૂપિયા ૨૫ થી૩૦ના ભાવે મળતું પેટ્રોલ-ડીઝલ રૂપિયા ૫૦ થી ૬૦ના ભાવે કેમ વેચાય છે. કોંગ્રેસ પક્ષની નીતિ-રીતિ રાષ્ટ્રવિરોધી છે. દેશમાંથી લાખો ટન કાચો માલ વિદેશોમાં ધકેલી દેવામાં આવે છે. કોંગ્રેસે જ દેશની પ્રજાને ગરીબ બનાવી દીધી છે. મોંઘવારી અને ગરીબી એ કોંગ્રેસની દેન છે. ઝાડ પર પૈસા નથી ઉગતા પણ કોંગ્રેસીઓના ખિસ્સામાં ઉગે છે. કોંગ્રેસ પાપી પાર્ટી છે એને છોડીને ગમે તેને મત આપો એવી અપીલ કરવા ગુજરાતમાં આવ્યો છું.

તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસે આખી સીબીઆઈને મારી પાછળ લગાવી દીધી પણ કંઈ હાથમાં આવ્યું નથી. મનમોહન, મુલાયામ, માયાવતી, મમતા અને કરૂણાનિધિ એમ પાંચ 'એમ' એ દેશને બરબાદ કર્યો છે. કોંગ્રેસ તો એના પાપે જ નષ્ટ થઈ જશે. પત્રકારોએ ભાજપના પ્રમુખ ગડકરીના ભ્રષ્ટાચાર વિશે વારંવાર પ્રશ્નો પૂછ્યા બાદ રામદેવે જણાવ્યું હતું કે, ગડકરી સામે નિષ્પક્ષ તપાસ થવી જોઈએ. ન્યાય વ્યવસ્થામાં જે કંઈ થતું હોય તે કરવું જોઈએ. ગુજરાતમાં ભ્રષ્ટાચાર અંગે કેગના અહેવાલ સંદર્ભે પૂછાયેલા પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે, કેગ બંધારણીય સંસ્થા છે અને કેગ ભ્રષ્ટાચારને ઉજાગર કરે તો ભ્રષ્ટાચારીઓ સામેની તપાસ થવી જોઈએ. તેમણે એવી પણ સ્પષ્ટતા કરી હતી કે, હું નરેન્દ્ર મોદીને મુખ્યમંત્રી કે વડાપ્રધાન બનાવવા નથી આવ્યો, મેં નમો ગુજરાત ચેનલને ઓબીવાન આપી નથી. તેમણે ગુજરાતના આદિવાસી વિસ્તારો પંચમહાલ-ગોધરા, વાંસદા સહિત વિસ્તારોમાં કોંગ્રેસ વિરુદ્ધ પ્રચાર યાત્રાની માહિતી પણ આપી હતી.

શબ્દાવલી - ૪૮૮૪

૧	૨	૩	■	૪	■	૫	૬
૭			■	૮	૯		
	■	■	૧૦	■	૧૧		■
૧૨	૧૩			■		■	૧૪
૧૫		■	૧૬	૧૭	■	૧૮	
■	૧૯	૨૦			■		■
૨૧			■	■	૨૨		
	■	૨૩					■

આડી ચાવી

૧. આગળ પડતું, શરૂનું (૩)
૫. ઘેટાના વાળને... કહેવાય (૨)
૭. પુરાવો આપવો, સાબિતી, કોર્ટની ભાષામાં... પણ કહેવાય (૩)
૮. દિવાળી, દિપાવલી (૪)
૧૧. ગીવ, આપ (૨)
૧૨. ચેતવવું તે, અગાઉથી આપેલ સૂચના (૪)
૧૫. બાણ, સર (૨)
૧૬. હકનું માગણુ, લાગો (૨)
૧૮. યમપુરીમાં જતા આવતી કાલ્પનિક નદી (૪)
૧૯. યમપુરીમાં જતા આવતી કાલ્પનિક નદી (૪)
૨૧. અખતરો (૩)
૨૨. આકાશ, નભ (૩)
૨૩. રસથી તરબતર (૫)

ઊભી ચાવી

૧. દુરંદેશી (૫)
૨. ડોક (૨)
૩. માખણ, એક નદી (૨)
૪. ફરિયાદ કરનાર કોર્ટની ભાષામાં (૨)
૫. તહેવાર (૩)
૬. જૂની નહીં તેવી (૨)
૯. પોલું હોય તેવું,... વાળું (૩)
૧૦. અણીવાળુ (૪)
૧૩. તરવામાં કુશળ (૪)
૧૪. યાર-દોસ્ત (૨)
૧૭. કાંતવા માટે પીંજેલ રૂ નો વણીને બનાવેલ લાંબો ગોળાકાર (૨)
૧૮. ભાતભાતનું રંગબેરંગી (૪)
૨૦. આ ફૂલની કળીની વેણી બને (૩)
૨૧. પ્રતિજ્ઞા (૨)
૨૨. લખોટી રમવા કરાતો નાનો ખાડો (૨)

શબ્દાવલી ૪૮૮૩ના જવાબ

આડી ચાવી :- (૧) રોજગાર (૬) ગલ (૭) જરૂરીયાત (૧૦) ચાનક (૧૨) બયાન (૧૪) કમી (૧૫) લગામ (૧૮) યાચના (૨૧) યદા (૨૨) ઘડી (૨૪) ટાઈ (૨૫) ડીમટાઈટ (૨૬) ભેદ

ઊભી ચાવી :- (૧) રોગચાળો (૨) જલન (૩) રજ (૪) મરીયા (૫) ઘાત (૮) રૂબરૂ (૯) યાન (૧૧) કરમીયા (૧૩) અમદાવાદ (૧૬) ગાય (૧૭) પાઘડ (૧૯) ચટાઈ (૨૦) નાઈટ (૨૩) ડીમ

શોહરાબુદ્દીન કેસના તમામ આરોપીઓને તલોજા જેલમાં રખાય તેવી શક્યતા

મુંબઈની આર્થર રોડ જેલમાં ૨૧૦૦થી વધુ કેદીઓ વચ્ચે સલામતીનો અભાવ : હવે મુંબઈ નજીકની જેલમાં રખાશે

અમદાવાદ, તા.૨૯

સુપ્રીમ કોર્ટના આદેશથી સોહરાબુદ્દીન એન્કાઉન્ટર કેસને મુંબઈ ખસેડવાનો આદેશ કરવામાં આવ્યો છે. ત્યાર બાદ આ કેસના તમામ દસ્તાવેજ મુંબઈ કોર્ટમાં મોકલી આપવામાં આવ્યા છે ત્યારે આ કેસમાં જ સંડોવાયેલા અને હાલ સાબરમતી મધ્યસ્થ જેલમાં રહેતા તમામ આરોપીઓને મુંબઈની આર્થર રોડ જેલમાં ટ્રાન્સફર કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. પણ મુંબઈની આર્થર રોડ જેલમાં જગ્યાના અભાવે તમામને હવે મુંબઈની આર્થર રોડ જેલના બદલે મુંબઈથી ૫૦ કિલો મીટર દુર તલોજાની જેલમાં રાખવામાં આવશે તેવું સૂત્રોએ જણાવ્યું છે. નોંધનીય છે કે, આર્થર રોડ જેલમાં હાલ ૨૧૦૦થી વધુ કેદીઓ વચ્ચે સલામતીના અભાવે આ નિર્ણય કરવામાં આવ્યો છે.

મુંબઈની આર્થર રોડ જેલમાં હાલ ૨૧૦૦ જેટલા કેદીઓ છે અને આ જેલમાં ક્ષમતા કરતા વધારે કેદીઓ હોવાથી અને સોહરાબ કેસના આરોપીઓ પૂર્વ પોલીસ અધિકારીઓ હોવાથી તેમને પૂરતી સુરક્ષાને ધ્યાને રાખી તમામને તલોજા જેલમાં રાખવામાં આવશે.

મતદાન મથકો સંવેદનશીલ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

તાજેતરમાં એક ઓપીનિયન પોલમાં ભાજપને ૧૨૮ બેઠક મળશે, એવો દાવો કરાયો એ સંદર્ભે ધ્યાન દોરવામાં આવતા તેમણે કહ્યુ કે એક્ઝિટ પોલ પર નિયંત્રણ મૂકાયા છે. પરંતુ ઓપીનિયન પોલ પર કોઈ નિયંત્રણ નથી, અને તેથી જ ચૂંટણી પંચ દ્વારા કેન્દ્રનાં કાયદા મંત્રાલયને વારંવાર રજૂઆત કરી ઓપીનિયન પોલ પર -તિબંધ મુકતો સુધારો કરવા જણાવવામાં આવ્યુ છે. અને આ બાબત કેન્દ્રમાં પડતર છે.

રોકડ નાણાની હેરફેર સહિતની કેટલીક ફરિયાદો પંચને મળી છે. અને તમામ અધિકારીઓને એવી તાકીદ કરવામાં આવી છે કે કોઈને પણ બિન જરૂરી હેરાનગતી ન થવી જોઈએ, જે સામાન્ય વ્યવહાર કે ગતીવિધી થતી હોય તેના પર અસર ન થાય તે -માણે કામગીરી થવી જોઈએ. અધિકારીઓને એવી પણ ચિમકી આપવામાં આવી છે કે તેમની વર્તણૂક પર પંચ દ્વારા નજર રાખવામાં આવી રહી છે. અને કોઈનાં -ત્યે પણ પક્ષપાત કે તરફેણ કરવામાં ન આવે.

ચૂંટણીપંચ પ્રતિબદ્ધ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

છે. તેમણે કહ્યું કે રાજયમાં મતદાર નોંધણી અને સુધારણા ઝુંબેશમાં તંત્રની કામગીરી નોંધનીય રહી છે. એટલુ જ નહિ પંચનો હેતુ સિદ્ધ થયો છે.

શ્રી સંપટે કહ્યું હતું કે આજે અધિકારીઓ સાથેની સમીક્ષા બેઠકમાં પણ તેમણે એ વાતનો નિર્દેશ આપ્યો છે કે ભયમુક્ત બની અને પારદર્શક રીતે નિષ્પક્ષ અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી યોજવી જોઈએ. પંચ આ માટે તેમની સાથે છે અને રહેશે. તેમણે કહ્યું હતું કે લોકોને પણ આ વાતની અનુભૂતિ તંત્ર કરાવે તે વાત અમે કરી છે.

તેમણે કહ્યું હતું કે મોડેલ કોડ ઓફ કન્ડક્ટના અમલીકરણમાં ક્યાંય કચાશ રહેવી જોઈએ નહિ. મિડિયા મોનીટરીંગ અને મિડિયા સર્ટિફિકેશનની કામગીરી પણ સારી રીતે થાય તે જોવા જણાવ્યું છે.

સામાન્ય માનવીને તંત્ર દ્વારા ખોટી રંજાડ ના થાય તેની કાળજી લેવા કહ્યું છે અને જો આવી કોઈ ફરિયાદો આવશે તો પંચ સાંખી લેશે નહિ પંચ આ બધી બાબતો પર ચાંપતી નજર રાખી રહ્યું જ છે.

વલનરેબલ મેપીંગની કામગીરી પણ ઝડપથી પૂર્ણ કરવા તાકીદ કરવામાં આવી છે જેથી ફોર્સ ડિપ્લોમેન્ટ પ્લાન પણ ઝડપથી આખરી કરી શકાય. શ્રી સંપટે જણાવ્યું હતું કે ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા સીધા કર્મચારી જ જો ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી એક જ જગ્યાએ હશે તો તેમની બદલી કરવામાં આવશે.

તેમણે કહ્યું હતું કે આજે રાજયના મુખ્ય સચિવશ્રી, ગૃહ સચિવશ્રી, રાજય પોલીસ વડા સાથે પણ સારી એવી ચર્ચાઓ થઈ છે અને તંત્રએ કરેલી કામગીરી અંગે પંચે સંતોષ વ્યકત કર્યો છે.

ઈવીએમનું ફર્સ્ટલેવલ ચેકિંગ એ ઈવીએમની સંપૂર્ણ તપાસની પ્રક્રિયા છે અને તેની મરામત તેમજ જાળવણી માટેનો ભાગ છે એટલે તેના ઉપીયોગમાં શંકાને કોઈ સ્થાન નથી તેની વિશ્વસનીયતા પણ એટલી જ છે.

નશામાં ધુત ઝુંડાલના સરપંચ સહિત સાત શખ્સોનો મકાન પર પથ્થરમારો

ગાંધીનગર, તા. ૨૯

અડાલજ નજીકના ઝુંડાલ ગામમાં નવરાત્રીએ થયેલા પટેલ અને ઠાકોર યુવાનો વચ્ચેના ઝઘડાની અદાવત રાખીને રાત્રે ગામના સરપંચ દારૂના નશામાં સાત શખ્સો સાથે ગામના પટેલ યુવાનના ગર પાસે પહોંચી ગયા હતા અને પથ્થરમારો કરીને તેની ગાડીના કાચ તોડી નાંખી ઘરમાંથી બહાર કાઢીને યુવાનને ઢીબી નાંખ્યો હતો.

અડાલજ પોલીસે ઝુંડાલના સરપંચ સહિત સાતેય વિરૂદ્ધ રાયોટીંગનો ગુનો દાખલ કરી પોલીસ સ્ટેશનના લોકઅપમાં પુરી દીધા હતા અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ઝુંડાલ ગામમાં નવરાત્રી દરમ્યાન પટેલ અને ઠાકોર યુવાનો વચ્ચે કોઈ કારણોસર ધમાલ થઈ હતી. આ ઝઘડાને રાત્રે મોટુ સ્વરૂપ આપી દેવામાં આવ્યું હતું.

ઝુંડાલના કલ્પતરૂ ખાતે રહેતા અંકીતભાઈ વિક્રમભાઈ પટેલ રાત્રે ઘરે હતા તે દરમ્યાન નવરાત્રીના ઝઘડાની અદાવત રાખીને ઝુંડાલ ગામના સરપંચ સહિત સાત શખ્સો તેના ઘર પાસે પહોંચી ગયા હતા. ગામના સરપંચ રાકેશજી રમણજી ઠાકોર, ચંદુજી મંગાજી ઠાકોર, અમૃતજી મંગાજી ઠાકોર, મહોતજી કાળાજી ઠાકોર, દિલીપ મણાજી ઠાકોર, લાલાજી સોમાજી ઠાકોર અને દશરથજી મંગાજી ઠાકોરે અદાવત રાખીને અંકીત પટેલના ઘર પાસે પહોંચી જઈ ઘર ઉપર પથ્થરમારો શરૂ કરી દીધો હતો અને તેની ગાડીના કાચમાં પણ તોડફોડ કરી મુકી હતી.

ઝુંડાલમાં ધમાલ થયાના સમાચાર અડાલજ પોલીસને મળતા પી.આઈ. એસ.જી. પરમાર સ્ટાફના માણસો સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ધમાલ કરી રહેલા શખ્સોમાં ઉપરોક્ત સાત જણા હતા. જે પૈકી ગામના સરપંચ રાકેશજી અને ચંદુજી દારૂ ઢીંચેલી હાલતમાં હતા. બન્ને વિરૂદ્ધ દારૂનો કેસ કર્યા ઉપરાંત અડાલજ પોલીસે સાતેયને લોકઅપમાં ધકેલી દઈને રાયોટીંગનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરી છે.

નવરાત્રીમાં પટેલ-ઠાકોરો વચ્ચે થયેલા ઝઘડાની અદાવત રાખી ઘર પર પથ્થર ફેંકીને ગાડીના કાચ ફોડ્યાં : રાયોટીંગનો ગુનો દાખલ